# ગૂગલ એક્સપ્રેસ

**– રમેન્દ્ર કુમાર**

એક સમયની વાત છે. પિટારા જંગલમાં પીલુ નામનો એક શરમાળ ગધેડો રહેતો હતો. તે દોડવામાં ઘણો ઝડપી હતો.

એક દિવસ જંગલના રાજા સિમ્હા સિંહે એક સભા બોલાવી અને કહ્યું કે આગલી પૂનમના દિવસે આપણા જંગલમાં કંઈ ખાસ થવાનું છે.

''શું મહારાજ ? શું તે દિવસે તમારો જન્મદિવસ છે ?'' ઝાડ પર બેઠી કોયલે પૂછ્યું.

''ના ના. પૂનમના દિવસે આપણા જંગલમાં પહેલી વાર ટ્રેન દોડશે.'' રાજાએ કહ્યું.

''ટ્રેન, વાઉ !'' બધાંએ ચોંકી જતાં કહ્યું.

''હું તો હંમેશાંથી ટ્રેનમાં બેસવા ઈચ્છતો હતો.'' રોગો ગેંડાએ કહ્યું.

''હાહાહા. તું આટલો જાડિયો છે. તું તો ટ્રેનમાં બેસી જ નહીં શકે.'' લોફટી જિરાફે હસતાં હસતાં કહ્યું.

''અને તું કેટલો લાંબો છે. તને તો ૨ વાર વાળીને ટ્રેનમાં લઈ જવો પડશે.'' રોગોએ તેની મજાક ઉડાવતાં કહ્યું.

''તમે બંને ઝઘડશો નહીં. આ ટ્રેનમાં બધાં પ્રાણી આરામથી બેસી શકે છે.'' રાજાએ કહ્યું.

આ સાંભળીને બધાં પ્રાણીઓ ખુશીથી ઝૂમવા લાગ્યાં.

''પણ આપણે આ ટ્રેનનું નામ વિચારવું પડશે.'' રાજા સિંહે બધાને શાંત પાડતાં કહ્યું.

બધાં પ્રાણીઓ નામ વિચારીને મહારાજને કહેવા લાગ્યાં.



ત્યારે પીલુએ ધીમા અવાજે કહ્યું, ''આપણે આ ટ્રેનનું નામ ગૂગલ એક્સપ્રેસ રાખીએ.''

''ગૂગલ એક્સપ્રેસ, હા, સારું નામ છે.'' બધા પ્રાણીઓએ એક સાથે કહ્યું.

''પણ ગૂગલનો અર્થ શું થાય છે ?'' ગોલુ હાથીએ પૂછ્યું. ''મને ખબર નથી પણ આ નામ મને ગમ્યું.'' પીલુ બોલ્યો. ''મને પણ.'' રાજાએ કહ્યું.

''અમને બધાને આ નામ ખૂબ ગમ્યું.'' બધાં પ્રાણીઓએ હાથ ઊંચો કરતાં કહ્યું.

તે જોઈને પીલુ ખૂબ ખુશ થયો.

ગૂગલ એક્સપ્રેસ પૂનમના દિવસે તૈયાર ઊભી હતી. ટ્રેનનો ડ્રાઈવર નજીકના શહેરનો ઢોલુ ઘોડો હતો. થોડા જ સમયમાં ઢોલુ અને પીલુ ખૂબ સારા મિત્રો બની ગયા. હવે ઢોલુ રોજ જંગલનાં પ્રાણીઓને ગૂગલ ટ્રેનમાં મુસાફરી કરાવવા લાગ્યો. ક્યારેક ક્યારેક પીલુ પણ તેની સાથે બેસી જતો હતો.

પછી ખૂબ જલદી બીજા જંગલના પ્રાણીઓ પણ ગૂગલ એક્સપ્રેસમાં મુસાફરી કરવા જંગલમાં આવજા કરવા લાગ્યાં.

એક દિવસ નજીકના જંગલના રાજા બબ્બર સિંહ સહકુટુંબ ગૂગલ એક્સપ્રેસની મુસાફરી કરવા પિટારા આવ્યા.

રાજા તેમને જોઈને ખૂબ ખુશ થયા. બંને પરિવાર ગૂગલ એક્સપ્રેસમાં બેસીને જંગોની સહેલ કરવા નીકળી પડયા.

પીલુ દૂરથી ટ્રેનને જોઈ રહ્યો હતો, ત્યારે તેણે હીરા હરણ જોયું. તે ગભરાઈને ભાગી રહ્યું હતું.

''શું થયું હીરા ?'' પીલુએ હીરાને પૂછ્યું.

''ઢોલુ ટ્રેનમાંથી નીચે પડી ગયો.'' હીરાએ કહ્યું.

''શું ! તેને વાગ્યું તો નથી ?'' પીલુએ પૂછ્યું.

''ના, તે ઝાડીઓમાં પડયો હતો. ડોક્ટર ગોલુ રીંછ તેની પાસે છે.'' હીરા બોલ્યું.

''તો ગૂગલ એક્સપ્રેસ કોણ ચલાવી રહ્યું છે ?'' પીલુએ ગભરાઈને પૂછ્યું.

''શું ? પછી તેને અટકાવશે કોણ ?'' કહીને પીલુ ફટાફટ ટ્રેન તરફ દોડયો.

તેને ગૂગલ એક્સપ્રેસના રસ્તાની ખબર હતી. ટૂંકા રસ્તેથી તે ટ્રેન તરફ દોડવા લાગ્યો.

થોડેક દૂર તેને ટ્રેન દેખાઈ. તે વધારે ઝડપથી ટ્રેન તરફ દોડવા લાગ્યો.

બધા મુસાફરો બારીમાંથી બહાર જોઈ રહ્યા હતા.

બાળકો ગભરાઈને રડી રહ્યાં હતાં.

પીલુએ એક છલાંગ લગાવી અને ટ્રેનની અંદર પહોંચી ગયો. ટ્રેનના મુસાફરોએ જોઈને તાળીઓ પાડી.

પીલુએ ઘણા પ્રયત્ન પછી ટ્રેન અટકાવી.

''વાહ વાહ.'' બધા મુસાફરોએ તેને શાબાશી આપી.

''અરે વાર પીલુ, તું ટ્રેન ચલાવતાં ક્યારે શીખ્યો?'' રાજાએ પીલુને પૂછ્યું.

''મહારાજા, હું ઢોલુ સાથે બેસીને તેને ટ્રેન ચલાવતા જોતો હતો. તેને જોઈને મેં પણ ટ્રેન ચલાવતાં શીખી લીધી.'' પીલુ બોલ્યો.

''તું ખૂબ બુદ્ધિશાળી છે.'' બબ્બરે હસીને કહ્યું.

''મહારાજ, શું હું આ ટ્રેન ચલાવી શકું છું?'' પીલુએ રાજાને પૂછ્યું.

''ના, તને બરાબર ટ્રેન ચલાવતા નથી આવડતી.'' રાજાએ કહ્યું.

''સિમ્હા, મને લાગે છે કે આપણે આને એક તક આપવી જોઈએ.'' બબ્બરે કહ્યું.

પછી પીલુ ગૂગલ એક્સપ્રેસ ચલાવવા લાગ્યો.

''હુરરે....'' બાળકોએ ઉત્સાહથી કહ્યું.

પીલું કેટલીક જગ્યાએ ટ્રેન અટકાવતો જેથી બાળકો બહાર રમી શકે અને આજુબાજુનાં કુદરતી દૃશ્યો પણ માણી શકે.

તે તેમને જુદાં જુદાં સ્થળો વિશે જણાવતો અને બાળકો તથા વડીલો સહેલ કરવાની મજા માણતા.

રાત્રે સિમ્હાએ બબ્બર રાજા માટે એક પાર્ટી રાખી.

પાર્ટીમાં રાજાએ જાહેરાત કરી, ''આજથી ગૂગલ એક્સપ્રેસના બે ડ્રાઈવર રહેશે ઢોલુ અને પીલુ.

હું પીલુની ચતુરાઈ માટે તેને એક પુરસ્કાર પણ આપીશ.

''આજથી હું પણ પીલુને મિસ્ટર ગૂગલની ઉપાધિ આપું છું.'' બબ્બર સિંહે પણ જાહેરાત કરી.

તે સાંભળીને બધાં પ્રાણીઓએ ખૂબ તાળીઓ પાડી. પીલુ ખૂબ ખુશ થયો.